ગાંધીનગર સમાચાર

સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ચાર વર્ષથી હાથ ધરાયુ નથી

# સે-૧૭ના એક્ઝિબીશન સેન્ટર મચ્છરો માટે ફેવરેબલ

## આસપાસ પણ કચરાના ઢગ : વાઇબ્રન્ટ પુર્વે પણ સેન્ટરમાં મચ્છરોના ઉપદ્રવ સ્થાન મળી આવ્યા હતા








ગાંધીનગર તા ૯

શહેરમાં વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યુ હતુ. જયારે સે-૧૭ સ્થિત એકઝિબીશન સેન્ટરને પણ અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ વાઈબ્રન્ટના તામજામ બાદ એકઝિબીશન સેન્ટરની નજીક સ્થિત રહેણાંક વિસ્તાર પાસે જ કચરાના ઢગ ખડકી દેવાયા છે. જેથી રહીશોના આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. ગંદકીના લીધ એકઝિબીશન સેન્ટરમાં પણ મચ્છર અને અન્ય જીવાતોનો ઉપદ્રવ વધતા સરકારી વસાહત પર રોગચાળાનો ખતરો મંડરાયો છે. જયારે વાઈબ્રન્ટ લુક ની ભીંતરમાં રહેલુ બિહામણુ દ્રશ્ય પણ બેનકાબ થઈ ગયુ છે.

શેહરમાં ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરને દુલ્હનની જેમ શણગારવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. નગરમાં બ્યુટિફિકેશન માટે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ હતુ. જયારે નગરના મુખ્ય માર્ગો સહીત મહાનુભાવોની અવરજવરના રૂટમાં સફાઈ કરવા માટે તંત્ર ઉંધા માથે લાગ્યુ હતુ. સે-૧૭ માં સ્થિત એકઝિબીશન સેન્ટરનુ પણ રીનોવેશન હાથ ધરાયુ હતુ. જેમાં સિવિલ તેમજ ઈલેકટ્રીક કટેગરીના વિવિધ કામો માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો હતો. મહાનુભાવાને આવકારવા માટે સમગ્ર તંત્રને કામે લગાડવામાં આવ્યુ હતુ. પરંતુ વાઈબ્રન્ટ સમિટના અંતે એક મહીના બાદ હાલ આ ઠેકાણે યોગ્ય સફાઈ કરવામાં આવી નથી. એક્ઝિબીશન સેન્ટર બહાર જ કચરો ઠાલવી દેવાયો હતો.આસપાસ સરકારી રહેણાંક

● અનુસંધાન પાન-૭ પર

# મેયર સામેના પક્ષાંતર ધારા ભંગમાં હવે ૧૬મીની મુદત

## મેયર દ્વારા આ અંગે ઈન્કવાયરી કરાવવાની માંગ કરાઈ : વિપક્ષી નેતાના વકીલે વિરોધ દર્શાવ્યો પછી જવાબ રજુ કરવા માટે મુદત માંગી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ સામે ચાલી રહેલ પક્ષાંતર ધારા ભંગના કેસમાં આજે થોડોક સમય સુનાવણી ચાલ્યા બાદ ૧૬મીએ વધુ સુનાવણી માટેની મુદત પડી છે.

નામનિર્દિષ્ટ અધિકારીની કોર્ટમાં આજે આ કેસની સુનાવણી હાથ ધરાઈ હતી. મેયર પ્રવિણ પટેલના ધારાશાસ્ત્રી કમલ નયન બ્રહ્મભટે પક્ષાંતર ધારા ભંગના નિયમો ૧૯૮૭ના નિયમ ૭(૪) મુજબ આ પ્રકરણમાં પાંચ જેટલા મુદાઓને ઉપસ્થિત કરી તે અંગે પ્રાથમિક ઈન્કવાયરી અધિકારીની નિમણુંક કરી ઈન્કવાયરી કરાવવા માટે ઉગ્ર રજુઆતો કરી હતી.

અરજદાર શૈલેન્દ્રસિંહ બિહોલાના વકીલ વાય.બી. વાઘેલાએ તેનો વિરોધ કર્યો હતો અને આ મુદ્દે પોતાનો લેખિત જવાબ રજુ કરવા માટે સમયની માંગણી કરી હતી.

બન્ને પક્ષની દલીલો અને રજુઆતો સાંભળ્યા બાદ ૧૬મી ફેબ્રુઆરીની મુદત પર વધુ સુનાવણી રાખવામાં આવી છે. આ કેસ અત્યંત રસપ્રદ બની ગયો હોઈ સૌની મીટ તેના પર લાગી છે.

આજે રજુઆતો દરમ્યાન શૈલેન્દ્રસિંહ બિહોલાએ એક તબક્કે કેસ લંબાવવા માટે ખોટા મુદા ઉપસ્થિત કરી ઈન્કવાયરી માંગવામાં આવી રહી હોવાનું પણ જણાવ્યુ હતુ.

જો કે કમલનયન બ્રહ્મભટ્ટે ઈન્કવાયરી અધિકારીની નિમણુંક કરી અને ઈન્કવાયરી કરાવવાનો આગ્રહ કરતાં જણાવ્યુ હતુ કે આ પ્રકરણમાં તપાસ કરાવવી તે અમારા અસીલનો અધિકાર છે અને કુદરતી ન્યાય સાથે સુસંગત પણ છે. અમે કાનૂની જોગવાઈઓને આધીન રહીને

● અનુસંધાન પાન-૭ પર

# મેડીકલ તથા પેરામેડીકલ પ્રવેશ માટે ગુજસેટ પરીક્ષામાંથી મુક્તિ

## મેડીક્લ, ડેન્ટલ, આયુર્વેદ, હોમિયોપેથી તથા નેચરોપેથી માટે નીટ-યુજી તથા અન્ય પેરામેડીકલ કોર્ષમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના આધારે પ્રવેશ

ગાંધીનગર, તા.૯

આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે, સુપ્રિમ કોર્ટ અને ભારત સરકારના આદેશ અનુસાર સરકારી અને સ્વનિર્ભર મેડીકલ તથા ડેન્ટલ કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં મેડીકલ તથા ડેન્ટલમાં પ્રવેશ માટે બેઠકોની પ્રોરેટા મુજબ ફાળવણી કરાશે.

આરોગ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, મેડીકલ તથા ડેન્ટલના સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નીટ-યુજી ફરજીયાત કરવામાં આવતાં નીટ-યુજીના મેરીટના ધોરણે પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવનાર છે. ગુજરાતના વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે માટે વાલીઓ દ્વારા રાજ્ય સરકારને રજૂઆત કરાઈ હતી જેના આધારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સૂચના અને માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે હકારાત્મક અભિગમ દાખવીને કોઈ વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે માટે પ્રોરેટા જાળવવાનું સૈદ્ધાંતિક રીતે નક્કી કર્યું છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, આયુષ મંત્રાલય તથા સંબંધિત કાઉન્સીલે

● અનુસંધાન પાન-૭ પર

## બાળ વિકાસના પંચાયતના અધિકારીઓ બદલાયા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયતના મહિલા બાળ વિકાસ યોજના પ્રયોજના અધિકારી છાયાબેન ઉપાધ્યાયની બદલી રાજયસ્તરે બઢતી સાથે કરવામાં આવી છે.


છાયાબેન ઉપાધ્યાયની જગ્યા પર નવા પ્રોગ્રામ ઓફિસર તરીકે આરતીબેન દવેની નિમણુંક કરવામાં આવી છે. તો માણસાના સીડીપીઓની ખાલી જગ્યા પર અલકાબેન પટેલની નિમણુંક કરવામાં આવી છે.

બન્ને નવનિયુકત અધિકારીઓએ આજે તેમના આ નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

# સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ચાર વર્ષથી હાથ ધરાયુ નથી

## સેકટરોના આંતરિક રસ્તાઓ પર ગાબડા રહીશો ત્રાહીમામ





ગાંધીનગર તા ૯

શહેરના જુના અને નવા સેકટરોમાં આંતરિક માર્ગો અત્યંત બિસ્માર હાલતમાં છે. છેલ્લા પાંચ વર્ષથી નગરમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ નથી. અલબત્ત નિયત સમય પુર્ણ થયા બાદ પણ માર્ગોની સુધારણાની કામગીરી અટવાતા સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. સેકટરોનુ આંતરિક રોડ નેટવર્ક ઉબડ ખાબડ બનતા સેકટરવાસીઓ પરેશાન છે. ગત ચોમાસા દરમિયાન પણ મોટાભાગના માર્ગોનુ ધોવાણ થતા આંતરિક રસ્તાઓ પર માર્ગ

● અનુસંધાન પાન-૭ પર

# ધો-૧૦ની પરીક્ષામાં જિલ્લાના ૨૩૪૮૪ પરીક્ષાર્થીઓ

ગાંધીનગર તા ૯

ગુજરાત માધ્યમિક શિક્ષણ બાર્ડ દ્વારા આગામી તા ૧૫ માર્ચથી શરૂ થનારી બોર્ડ પરીક્ષામાં જિલ્લામાંથી ૨૩૪૮૪ વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ ની પરીક્ષા આપશે. જયારે આ પૈકી ૪૯૦ વિદ્યાર્થીઓ રીપીટર અગર ખાનગી પરીક્ષાર્થી તરીકે નોંધાયા છે. બોર્ડની પરીક્ષાને આડે હવે થોડા દિવસો જ રહયા હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. વિદ્યાર્થીઓ આખરી તબક્કાની પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે. સમગ્ર વર્ષ દરમિયાનની મહેનતનો નિચોડ પરીક્ષામાં ઉતારવા માટે આયોજન કરવામાં આવ્યુ છે ૧૫ માર્ચથી ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થનાર છે. ત્યારે

## ધોરણ -૧૦ માં ૪૯૦ રીપીટર અને ખાનગી વિદ્યાર્થીઓનો સમાવેશ

તૈયારીમાં ગળાડુબ બન્યા છે.

બોર્ડ પરીક્ષાના આડે હવે થોડા દિવસો જ બાકી રહયા છે. પરીક્ષાનો સમય નજીક આવતા વિદ્યાર્થીઓ પરીક્ષાર્થીઓ સજજ થઈ રહયા છે. વિદ્યાર્થીઓ પરીક્ષાને અનુલક્ષી રીવીઝન વર્કમાં લાગી ગયા છે. આગામી માર્ચ મહીનામાં પરીક્ષાનુ શિક્ષણ બોર્ડ અને શિક્ષણતંત્રની પણ પરીક્ષાના આયોજન તરફ મીટ મંડરાઈ છે. આગામી બાર્ડ પરીક્ષામાં ધોરણ ૧૦માં જિલ્લામાંથી કુલ ૨૩૪૮૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જયારે આ પૈકી ૪૯૦

● અનુસંધાન પાન-૭ પર


### બેસણું / દશમું



અમારા માતુશ્રી વિનોદાબેન (નાંદોલ-સ્વ.કનુપ્રસાદ મગનલાલ દવેના ધર્મપત્ની)નો તા. ૨-૦૨-૧૭ના રોજ અક્ષરવાસ થયેલ છે. સદ્દગતનું બેસણું / દશમું તા.૧૧-૦૨-૨૦૧૭ને શનિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે

સ્થળ : કોમન પ્લોટ, જાગૃતિ પાર્ક, સેક્ટર-૩૦, ગાંધીનગર

પિયરપક્ષનું બેસણું / દશમું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
સ્વ.પ્રમોદરાય બી.રાવલ (ઈસનપુર મોટા)
દિનેશચંદ્ર બી. રાવલ, રાજેન્દ્રકુમાર એસ. રાવલ

દીપક કનુપ્રસાદ દવે
(બેંક ઓફ ઈન્ડીયા-ગાંધીનગર)
ભારતીબેન બકુલેશ દવે (પુત્રી)



### બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી વિનાયક એસ. ઘોને (દાદા) તા. ૯/૨/૨૦૧૭ને ગુરૂવારે દેવલોક પામ્યા છે. સદ્દગતનું બેસણું તા. ૧૧/૨/૨૦૧૭ને શનિવારના રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૧૯૬/૧, સેક્ટર-૬/બી, ગાંધીનગર

દિનકર ઘોને (ભાઈ) — પ્રકાશ એસ. ઘોને (પુત્ર)
દત્તારામ ઘોને (ભાઈ) — શાંતારામ એસ. ઘોને (પુત્ર)
લક્ષ્મી રાવરાણે (બહેન) — સંગીતા તુકારામ સાવંત (પુત્ર)
ગં.સ્વ. વનિતા વિનાયક ઘોને (પત્ની)



### જોઈએ છે

ગ્રામભારતી અમરાપુર સંચાલિત સરકાર માન્ય છાત્રાલય માટે ચોકીદારની ભરતી કરવાની છે.

લાયકાત : ધો.૪ પાસ (પુરુષ)

લાયકાત ધરાવનાર ઉમેદવારે પુરી વિગતો સાથે તા. ૨૮/૨/૧૭ સુધીમાં રજી.એ.ડી. પોસ્ટથી અરજી કરવી.

નિયામક, ગ્રામભારતી અમરાપુર
તા. માણસા, વાયા ઉનાવા,
જી. ગાંધીનગર - ૩૮૨૬૫૯



### દ્વિતિય પૂણ્યતિથિએ ભાનભીની શ્રદ્ધાંજલિ



સ્વ. ઈન્દીરા આર. શાહ
સ્વર્ગવાસ તા. ૧૦/૨/૨૦૧૫

તમારા મિલનસાર સ્વભાવ તથા હસતા ચહેરાને લીધે, જીવન છોડી ગયા છતાં જીવતા હોવાનો ભાસ છે. જીવન એવું જીવી ગયા કે ક્યારેય ભૂલાય નહીં. અમારા જીવનમાં જે સુંદર છે તે બધુ તમારા પ્રતાપે છે.

પરમાત્મા આપના આત્માને સદાય શાંતિ આપે એ જ પ્રાર્થના...

રમણભાઈ એચ. શાહ પરિવાર
૪૫, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર



### ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



### ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા — CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



### કેપિટલ ઓફસેટ®

www.capitaloffset.in

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



### ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com